# ધાનચીડી (Pipit)

**દિવાળી ઘોડો, તૂતી, ગંદમ વગેરે ચકલીના કદના યાયાવર પક્ષીઓ જેવડું એક ગાયક પક્ષી આપણે ત્યાં છે એ છે ધાનચીડી. જેને અંગ્રેજીમાં Paddyfield Pipit - વીડ ધાનચીડી કહે છે**

આપણી દરેક ઋતુમાં જાતજાતના દેશી-પરદેશી પંખીઓ આપણે ત્યાં આવે છે. આપણાં સ્થાનિક અને આ યાયાવર અતિથિઓનો અહીં જાણે મેળો ભરાયો ન હોય! નાની ચકલીના કદથી માંડીને મસમોટી કાયા ધરાવતાં યાયાવર પક્ષીઓ આપણે ત્યાં ટેસથી વિહરે છે. આવાં પક્ષીઓનો જ્યારે સ્વદેશગમનનો વખત આવે ત્યારે હવે તો પક્ષીપ્રેમીઓ દ્વારા તેમના વિદાય આપવાના કાર્યક્રમો પણ થાય છે. આ વસ્તુ બતાવે છે કે આપણી 'અતિથિ દેવો ભવ'ની ભાવના વધુ ઉજાગર થઈ છે, વધુ વિસ્તરી છે.





દિવાળી ઘોડો, તૂતી, ગંદમ વગેરે ચકલીના કદના યાયાવર પક્ષીઓ જેવડું એક ગાયક પક્ષી આપણે ત્યાં છે એ છે ધાનચીડી. જેને અંગ્રેજીમાં Paddyfield Pipit - વીડ ધાનચીડી કહે છે.

વીડ ધાનચીડી આપણું સ્થાનિક પક્ષી છે. પણ તેની બીજી ઘણી જાતો આપણે ત્યાં મુલાકાતી તરીકે આવે છે. જેમાં દસેક જેટલી જાતો પક્ષીવિદોએ નોંધી છે. જે આ મુજબ છે:

રિચાર્ડ્ઝ ધાનચીડી (Richard's Pipit), વગડાઉ ધાનચીડી (Twany Pipit), બ્લીથ્સ ધાનચીડી (Blyth's Pipit), મોટી ધાનચીડી (Long-billeth Pipit), ખેતરાઉ ધાનચીડી (Tree Pipit), ડાંગી ધાનચીડી (Olive-backed Pipit), ઉત્તરાખંડી ધાનચીડી (Rosy Pipit), ક્ષીરસાગર ધાનચીડી (Red-throated Pipit), જળ ધાનચીડી (Water Pipit) અને પીતપેટ ધાનચીડી (Buff-bellied Pipit).... વાંચતાં થાકી જવાય એટલી અધધધ જાતો ધાનચીડીની છે !

વીડ ધાનચીડી આપણે ત્યાં દિવાળી પર આવતાં એક પક્ષી દિવાળીઘોડાના કુળનું જ પક્ષી છે. ધાનચીડીનાં કદ તથા આકાર પણ દિવાળીઘોડા જેવાં જ છે. વીડ ધાનચીડીનો રંગ આપણી ચકલીના રંગ જેવો છે. દેખાવે અને રંગે તે ચકલી જેવું લાગે, પણ તેની કાયા ચકલી કરતાં પાતળી છે અને પૂંછડી વધારે લાંબી છે. તેની ચાંચ પાતળી છે. તે ઊડે છે ત્યારે પૂંછડીનાં બહારનાં ધોળાં પીંછાં સ્પષ્ટ રીતે દેખાઈ આવે છે. તેના શરીરનો રંગ ભૂખરો અને ઉપર કાળી રેખાઓ છે. તેના પેટનો ભાગ પીળાશપડતો ધોળો છે અને છાતીના ભાગે તૂટક કાળી રેખાઓ છે. એટલે આમ જોઈએ તો તે આપણા પાદરના પંખી ચંડૂલ જેવું પણ લાગે છે. ચંડૂલના માથે કલગી હોય છે, જ્યારે ધાનચીડીને કલગી નથી. ચંડૂલ અનેક પક્ષીઓની નકલ કરતું નાનકડું ગાયક પંખી છે. ધાનચીડી ચંડૂલની જેમ નકલ કરી જાણતું નથી

**પંખીલોક**

★ પ્રવીણ સરવૈયા

પણ પ્રજનન ઋતુમાં નર પંખીનો રળિયામણો અવાજ કાનને મધુર લાગે એવો તો જરૂર છે. પ્રજનન ઋતુ સિવાય તેનો અવાજ બહુ કર્ણપ્રિય હોતો નથી. વીડ ધાનચીડી ગામડા પાસેનાં વૃક્ષોનાં ઝુંડમાં, આંબાવાડિયામાં તથા આછાં વૃક્ષોવાળા વગડામાં જોવા મળે છે. તે ખુલ્લા પ્રદેશોમાં ફરવાને બદલે ઝાડના છાંયડામાં ફરવાનું વધુ પસંદ કરે છે. ઝાડનાં ખરી પડેલાં સૂકાં પાંદડાંઓની વચ્ચે તે વિહરતું હોય ત્યારે તેને શોધવું જરા મુશ્કેલ બને છે, કેમ કે તે ઝાડનાં સૂકાં પાંદડાના રંગ સાથે આબાદ ભળી જાય છે. તેનો મુખ્ય ખોરાક ઝીણી જીવાત છે. ઝાડને નુકસાન કરતી જીવાતોનો તે સારી પેઠે સફાયો કરી નાખે છે. એટલે ધાનચીડીને વૃક્ષની નર્સ કહીએ તો જરાય ખોટું નથી ! તે અનાજના કણ પણ ખાય છે. એ ચારો ચરતું



હોય ત્યારે જો ખલેલ જેવું લાગે તો તરત ઊડીને ઝાડ પર બેસી જાય છે. વળી પાછી સલામતી જણાતાં તરત નીચે ઊતરીને જીવાતો પકડવામાં મશગૂલ બની જાય છે. ધાનચીડીનું હિન્દી નામ 'રૂગેલ' અથવા 'ચરચરી' છે. આવાં ચકલીના કદનાં આપણાં સ્થાનિક પક્ષીઓને આપણે નામથી ઓળખી શકીએ એટલી અપેક્ષા જ બસ છે.

# દરેક નોટ પર કેમ લખાયેલા હોય છે A, B, C, D?

ભારતીય રૂપિયાની નોટ જોતા તમે ઉપર ડાબી બાજુએ નાના-નાના અક્ષરો જેમ કે A, B, C, D, E વગેરે જોયા હશે. મોટાભાગના લોકો માને છે કે આ માત્ર સીરિયલ નંબરનો ભાગ છે અથવા સામાન્ય માર્કિંગ છે. પણ હકીકતમાં, આ આલ્ફાબેટ્સનો ખાસ અર્થ છે.

નોટ પર છપાયેલા આ આલ્ફાબેટ્સથી ખબર પડે છે કે એ નોટ કઈ પ્રિન્ટિંગ પ્રેસમાં છપાઈ છે. આ માહિતી રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) અને સુરક્ષા એજન્સીઓ માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. ચાલો આજે તમને ભારતીય નોટો સાથે જોડાયેલા એવા કેટલાક રસપ્રદ ફેક્ટ્સ જણાવીએ, જેની જાણકારી બહુ ઓછા લોકોને હોય છે. ભારતમાં કરન્સી નોટો મુખ્યત્વે પાંચ સરકારી પ્રેસમાં છાપવામાં આવે છે. દરેક પ્રેસને અલગ-અલગ અક્ષર ફાળવવામાં આવ્યા છે. જ્યારે પણ કોઈ નોટ છપાય છે, ત્યારે તેના સીરિયલ નંબર પહેલા અથવા સાથે આલ્ફાબેટ લખવામાં આવે છે.




જેથી તરત ખબર પડી જાય છે કે નોટ કયા પ્રેસમાં છાપવામાં આવી છે.

A - Bank Note Press, Dewas (Madhya Pradesh)

B - Bharatiya Reserve Bank Note Mudran Private Limited, Salboni (West Bengal)

C - Bharatiya Reserve Bank Note Mudran Private Limited, Mysore (Karnataka)

D - Security Paper Mill, Hoshangabad (Madhya Pradesh)

E - Currency Note Press, Nashik (Maharashtra)

આ પાંચ મુખ્ય પ્રેસ છે, જ્યાં ભારતની મોટાભાગની નોટ છાપવામાં આવે છે. ખાસ કિસ્સામાં અન્ય પ્રેસમાં પણ છાપવામાં આવે છે, પણ સામાન્ય રીતે ઉપર જણાવેલા અક્ષરો જ નોટ પર જોવા મળે છે.

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા નોટની પ્રિન્ટિંગ પ્રેસ, વિતરણ અને સુરક્ષા પર કડક નજર રાખે છે. જો કોઈ પ્રેસમાં સમસ્યા આવે છે અથવા નકલી નોટોનો રેકેટ પકડાય છે, તો આ આલ્ફાબેટથી તરત ખબર પડી જાય છે કે નોટ કયા પ્રેસમાંથી છાપવામાં આવી છે. જેથી તપાસ સરળ બની જાય છે. સાથે સાથે પ્રેસની ઉત્પાદન ક્ષમતા અને ગુણવત્તા પર પણ નજર રાખવી સરળ બને છે. ઉદાહરણ તરીકે, જો તમારી પાસે 500 અથવા 2000 ની નોટ છે અને તેમાં 'C' લખેલું છે, તો સમજવું કે એ નોટ કર્ણાટકના મૈસૂર પ્રેસમાં છપાઈ છે.